ગાંધીનગર સમાચાર

શહેરમાં પ્રચાર કરતી ૧૫૦થી વધુ રીક્ષાઓ મતદારોને જગાડી રહી છે

# વોર્ડ નં. ૧માં કોંગ્રેસ ભાજપને હંફાવે છે

## ભાજપની પેનલના પ્રારંભિક આક્રમક પ્રચાર અભિયાન બાદ કોંગ્રેસની પેનલ પણ જોર જમાવી રહી છે : લોકવિકાસ મંચ વોર્ડના પરિણામ માટે નિર્ણાયક પરિબળ










## મહાનગરનો મહાસંગ્રામ

- સંજય દૃષ્ટિ





ગાંધીનગર, તા.૨૦

વોર્ડ નં. ૧ અર્થાત સેકટર નં. ૨૬, ૨૭, ૨૮ અને આદિવાનો વિસ્તાર. ૧૯૬૧૯ મતદારો ધરાવતા વોર્ડ નં. ૧માં ૪ બેઠકો માટે ૧૩ ઉમેદવારો ચુંટણી જંગમાં છે ભાજપ-કોંગ્રેસના ૪-૪-, લોકવિકાસ મંચના ૩, ૧-અપક્ષ અને ૧-એનસીપીના ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. તેર ઉમેદવારોમાં બે સીટીંગ કોર્પોરેટરોએ પુનઃ જંગમાં ઝુકાવ્યું છે. ભાજપના દેવેન્દ્રસિંહ ચાવડા અને કોંગ્રેસના હર્ષજીત પંડયા ટિકીટ મેળવવામાં સફળ રહ્યા છે. આ સિવાય અગિયાર ઉમેદવારો પ્રથમ વખત મહાનગરપાલિકાની ચૂંટણી લડી રહ્યા છે.

ભાજપની પેનલનું નેતૃત્વ શહેર ભાજપના પૂર્વ પ્રમુખ નીતિનભાઈ પટેલ કરી રહ્યા છે. ભાજપના વિવિધ હોદ્દાઓ ઉપર સેવાઓ આપી ચૂકેલા નીતિનભાઈ રૂપાલ ગામના વતની છે. વેપાર-વ્યવસાય અને સામાજીક પ્રવૃત્તિઓની સક્રિયતાને પગલે મતદારોનો બહોળો સંપર્ક ધરાવે છે. શ્રી દેવેન્દ્રસિંહ ચંદનસિંહ ચાવડા સમગ્ર વિસ્તારમાં જગાબાપુના નામે ઓળખાય છે. રાજપૂત સમાજ અને સેકટરની સામાજિક પ્રવૃત્તિઓમાં સતત જોડાયેલા હોવાથી જગાબાપુ બહોળો મિત્ર વર્ગ ધરાવે છે. બરખાબેન ઉમેશભાઈ જહા શહેર મહિલા ભાજપના સક્રિય અને સંનિષ્ઠ કાર્યકર્તા છે. વોર્ડ પ્રમુખ ઉમેશભાઈ જહાના પત્ની હોવાના નાતે ભાજપ પરિવાર અને મતદારો બરખાબેનથી પરિચિત છે. સૌરાષ્ટ્ર-કચ્છ સમાજના પ્રમુખ જીલુભા ધાંધલના પત્ન હર્ષાબા ધાંધલ ભાજપ પેનલના મહિલા ઉમેદવાર છે. જીલુભા ધાંધલની સેવાકીય અને સામાજીક પ્રવૃત્તિઓનો સીધો લાભ હર્ષાબાની ઉમેદવારીને મળી શકે છે.

કોંગ્રેસની પેનલનું નેતૃત્વ સીટીંગ કોર્પોરેટર અને કોંગ્રેસના સક્રિય યુવા કાર્યકર હર્ષજીત પંડયા સંભાળી રહ્યા છે. છેલ્લા પાંચ વર્ષથી વોર્ડના પ્રશ્નોમાં સક્રિય ભૂમિકાને કારણે મતદારો સાથેનો સીધો સંપર્ક હર્ષજીત પંડયા ધરાવે છે. જયંતિભાઈ જીભાઈ દાસ કોંગ્રેસની પેનલના અગ્રીમ ઉમેદવાર છે. માધ્યમિક શિક્ષણ સાથે સંકળાયેલા જયંતિભાઈ જિલ્લા અને રાજયકક્ષાના શિક્ષકસંઘો અને આચાર્યસંઘો તથા માધ્યમિક શિક્ષણ બોર્ડમાં પ્રતિનિધિત્વ કરી ચુકયા છે. સામાજીક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં સતત જોડાયેલા રહેવાથી જયંતિભાઈ સમગ્ર વોર્ડમાં બહોળા સંપર્કો ધરાવે છે. સરોજબેન રાજેશભાઈ ચૌધરી કોંગ્રેસના મહિલા ઉમેદવાર છે, ચૌધરી સમાજમાં અને સેકટરની પ્રવૃત્તિઓમાં સક્રિય રહેતા સરોજબેન વોર્ડમાં સારૂ સમર્થન મેળવી રહ્યા છે. જાણીતા કોંગ્રેસી અગ્રણી મહેન્દ્રસિંહ ચાવડાના ધર્મપત્ની વર્ષાબા ચાવડા કોંગ્રેસના મહિલા ઉમેદવાર તરીકે વ્યાપક આવકાર મેળવી રહ્યા છે. રાજપૂત સમાજ અને સેકટરની પ્રવૃત્તિઓમાં સતત જોડાયેલ રહેલ ચાવડા પરિવાર સમગ્ર વોર્ડના મતદારો સાથે સીધો સંપર્ક ધરાવે છે.

આ વોર્ડનો ત્રીજો મોરચો એટલે લોકવિકાસ મંચની પેનલ. લોકવિકાસ મંચની પેનલનું નેતૃત્વ ડાહ્યાભાઈ ત્રિભોવનદાસ પટેલ સંભાળી રહ્યા છે. ડી.ટી. પટેલના હુલામણા નામે ઓળખાતા ડાહ્યાભાઈ ગાંધીનગર અર્બન કો.ઓ. બેંકના ચેરમેન તરીકે સેવાઓ આપે છે. ડી.ટી. પટેલ પાટીદાર સમાજ, સહકારી પ્રવૃત્તિ, જાયન્ટસ ગૃપ તથા કર્મચારીઓની પ્રવૃત્તિઓમાં સતત સક્રિય રહેતા હોવાથી વિશાળ સંપર્ક ધરાવે છે. ડી.ટી. પટેલ લોકવિકાસ મંચના સ્થાપક પ્રમુખ પણ છે. આ ઉપરાંત લોકવિકાસ મંચના રતનબેન યોગેશભાઈ રાવલ તથા રમેશચંદ્ર મફતલાલ પટેલ લોકવિકાસ મંચની ટિકિટ પર ચૂંટણી લડી રહ્યા છે. એનસીપીના ખુશ્બુ દિનેશભાઈ ચૌધરી અને અપક્ષ ચંદ્રકાન્ત મનસુખભાઈ રાઠોડ પણ પોત પોતાના વર્ગમાં લોકપ્રિય છે.

વોર્ડ નં. ૧માં ત્રિપાંખીયો જંગ છે. ખરાખરીનો જંગ છે. ભાજપ અને કોંગ્રેસની પેનલો પુરી તાકાતથી લડે છે. સાથો સાથ લોકવિકાસ મંચ એક નિર્ણાયક પરિબળ છે. ભાજપનો ગઢ ગણાતા વોડ નં. ૧માં કોંગ્રેસ ભાજપને હંફાવે છે તો કેટલાક વિસ્તારમાં ભાજપ ગઢ જાળવવા એડીચોટીનું જોર લગાવે છે. આ વોર્ડમાં પણ લોકવિકાસ મંચ કેટલા મત મેળવે અને કોના કાપે છે તેનું ગણિત હારજીતના સમીકરણ રચશે. જંગ રસપ્રદ છે. પરિણામ આશ્ચર્યજનક હશે એમાં કોઈ શંકા નથી.

## @ગાંધીનગર

- આનંદ ગરબા મંડળ દ્વારા બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન મધુબેન કડીકરના કંઠે આનંદનો ગરબો સેકટર-૩-સી, શકિત ચોક મંદિર ખાતે યોજાશે.
- સે-૨૩ કડી કેમ્પસ ખાતે સવારે ૮.૦૦ કલાકે સમર કેમ્પનું ઉદઘાટન કરાશે.




(તસવીર : કશ્યપ નિમાવત)

હાટકેશ જયંતિ : નાગર જ્ઞાતિના ઈષ્ટદેવ હાટકેશ્વર મહાદેવની જયંતિ આજે ગાંધીનગરમાં ધામધૂમથી ઉજવાઈ હતી. વિસનગરા નાગર પરિવાર દ્વારા સવારથી પાલખી યાત્રા યોજાઈ હતી અને સાંજે શોભાયાત્રાનું આયોજન કરાયું હતું. દાદાની પાલખીની પધરામણી નાગર પરિવારના ઘરે ઘરે કરાઈ હતી. જયારે શોભાયાત્રામાં મોટી સંખ્યામાં નાગરો જોડાયા હતા.

## રાજય નાગરિક પુરવઠા નિગમ દ્વારા ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ યોજાઈ

ગાંધીનગર, તા.૨૦

શહેરના સેકટર-૧૦ સ્થિત ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિ. દ્વારા તાજેતરમાં ટેબલ ટેનિસ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં નાગરિક પુરવઠા નિગમ ઉપરાંત નિગમના વહીવટી સંકુલ ખાતે કાર્યરત પોલીસ હાસીંગ કોર્પોરેશન, ગુજરાત રાજય એગ્રો ઈન્ડસ્ટ્રીઝ અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના અધિકારી કર્મચારી જોડાયા હતા. જેમાં કુલ ૩૨ સ્પર્ધકોએ ભાગ લઈ ઉત્કૃષ્ટ ખેલ પ્રદર્શન કરી પ્રોત્સાહક ઈનામ મેળવ્યા હતા. ટુર્નામેન્ટમાં પુરૂષ વર્ગમાં ૩ અને મહિલા વર્ગમાં ૩ એમ કુલ ૬ સ્પર્ધકોને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. આ સમગ્ર ટુર્નામેન્ટનું આયોજન નિગમના મેનેજીંગ ડિરેકટર સી.વી. સોમના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

## વાતવાતમાં

- ઈન્ફોસીટીથી કુડાસણ અને ઈન્ફોસીટીથી સરગાસણ ચાર રસ્તા સુધીના વિસ્તારમાં પોલીસે સપાટો બોલાવ્યો હતો. આ વિસ્તારમાં વાહનચાલકોને નડતરરૂપ બની ધંધો કરતા ગેરકાયદેસર ૮ જેટલા લારી ગલ્લા વાળાઓ સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.
- શહેરમાં ધાર્મિક કાર્યક્રમોની હારમાળા સર્જાઈ હતી. એક તરફ મહાવીર જયંતિની ઉજવણી તો બીજી તરફ હાટકેશ જયંતિ સાથે અનેક ઠેકાણે હોમ હવન અને કથા પાઠના આયોજનોમાં શ્રધ્ધાળુઓ ભકિતમય બન્યા હતા.
- વેકેશનનો પ્રારંભ થતા જ સેકટર-૨૮ના બાલોદ્યાનમાં આસપાસના ગામોથી આવેલા સહેલાણીઓની ભારે ભીડ જોવા મળી હતી. આ સાથે સાંજે સ્વર્ણિમ પાર્કમાં પણ પરિવાર સહિત આવેલા સહેલાણીઓએ મોડી રાત્રિ સુધી વિવિધ રમતો સાથે 'ડબ્બા પાર્ટી'નો આનંદ માણ્યો હતો.
- બ્રહ્માકુમારીઝના ગાંધીનગર એકમના મુખ્ય સંચાલિકા બીકે કૈલાશદીદીનો જન્મદિવસ સે-૨૮મા કેન્દ્ર ખાતે ઉજવાયો હતો. અહીં મોટી સંખ્યામાં સાધકોએ ઉપસ્થિત રહી કૈલાશદીદીને શુભકામનાઓ પાઠવી આર્શિવાદ પ્રાપ્ત કર્યા હતા.
- મહાનગરપાલિકાની ચુંટણી આડે ગણતરીના દિવસો બાકી રહેતા પ્રચાર ચરમસીમાએ પહોંચ્યો છે. તમામ રાજકીય પક્ષોએ અને ઉમેદવારોએ સેકટરોમાં ભોજન સાથેની ચોકઠા બેઠકો યોજી શકય હોય તેટલા વધુ મતદારોને રીઝવવા એડીચોટીનું ચોર લગાડયું છે.

## બે હજારથી વધુ ઈ-મેમો અટવાયા

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરમાં વિવિધ સર્કલો પર સીસીટીવી કેમેરા લગાડીને ટ્રાફીકના નિયમોનો ભંગ કરતા વાહનચાલકોનો ફોટો કેમેરામાં કેદ કરી ઈ-મેમો આપવાનું ગાંધીનગર પોલીસે શરૂ કર્યું. પરંતુ તેમાં મુશ્કેલીઓનો સામનો પોલીસ કરી રહી છે. ઈ-મેમો વાહનના નંબરને આધારે વાહન માલિક સુધી પહોંચે છે પરંતુ વાહનનું રજીસ્ટ્રેશન જે સરનામે કર્યું હોય તે સરનામે તે માલિક જ રહેતા ન હોય તેવા સંખ્યાબંધ કિસ્સાઓ ધ્યાને આવ્યા છે. જેને પગલે બે હજારથી વધુ ઈ-મેમો અટવાઈ પડયા છે.

વાહન નંબરને આધારે ટ્રાફીકના નિયમનો ભંગ કરનાર વાહનચાલક સુધી ટ્રાફીક પોલીસ પહોંચે છે તેનો ઈ-મેમો તૈયાર કર્યા બાદ પોલીસ દંડ વસુલવા મેમો લઈને રજીસ્ટર થયેલા વાહન માલિકના સરનામે જાય ત્યારે મોટા ભાગે જાણવા મળે છે કે આ મકાન તો તેમણે કયારનુંય વેચી દીધું છે. હવે કયાં રહે છે તે ખબર નથી...! તો કેટલાક એવા પણ કિસ્સાઓ બન્યા છે કે આરટીઓમાં જે સરનામુ નોંધાયુ હોય તે સરનામું જ ખોટું હોય..! અત્યાર સુધીમાં બે હજારથી વધુ આવા કિસ્સાઓ ધ્યાને આવ્યા છે જે તમામ મેમો અત્યારે પોલીસ પાસે પેન્ડીંગ પડયા છે. હવે પોલીસ પણ મુંઝવણમાં મુકાઈ છે. જો કે આરટીઓ કચેરીમાં પોલીસે મીટીંગ કરી આ વાહનોના માલિક પાસેથી દંડની વસુલાત આર.ટી.ઓ. દ્વારા કરાય તેવા પ્રયત્ન ચાલી રહ્યા છે. તે વાહનના કોઈ પણ આર.ટી.ઓ.ને લગતા કામકાજ માટે વાહનમાલિક આવે ત્યારે તેની પાસેથી આરટીઓ ફી ઉપરાંત દંડ પણ વસુલી લેવાય તેવા પ્રયત્નો ચાલી રહ્યા છે.

## ઉત્તર દશકોઈ કડવા પાટીદાર સમાજ સેવા ટ્રસ્ટના હોદ્દેદારોની વરણી



ગાંધીનગર, તા.૨૦

ઉત્તર દશકોઈ કડવા પાટીદાર સમાજ સેવા ટ્રસ્ટ ગાંધીનગરની તાજેતરમાં કારોબારી મીટીંગ મળી હતી. જેમાં વર્ષ ૨૦૧૬-૧૭ના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. ટ્રસ્ટના પ્રમુખ તરીકે દિલીપભાઈ પટેલ, ઉપપ્રમુખ તરીકે વિષ્ણુભાઈ પટેલ, મંત્રી પદે દિપકભાઈ પટેલ, સહમંત્રી પદે હર્ષદભાઈ પટેલ, ખજાનચી માટે રમેશભાઈ પટેલ તેમજ ઓડિટર માટે અશોકભાઈ પટેલ સહિતની નિમણૂંક કરવામાં આવી હતી.

## શહેરના સેકટર-૨૩ પંચવટી પાર્કના રહીશો ભાજપથી નારાજ

ગાંધીનગર તા.૧૯

ગાંધીનગર મહાનગર પાલિકાની ચુંટણીના મતદાનને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. પાલીકાની ચુંટણીમાં ઉભા રહેલા ઉમેદવારો મતદારોને રીઝવવા કાળઝાળ ગરમીમાં પણ પરસેવો પાડી રહ્યા છે. ગાંધીનગરમાં રાજકીય વાતાવરણ માં ગરમાવો જોવા મળી રહ્યો છે. મનપાની ચુંટણી માટે ૧૦૦ થી વધુ ઉમેદવારો મેદાને છે ત્યારે એક એક મતની લડાઈ જામશે. ત્યારે સેકટર-૨૩ પંચશીલની સામે ડોકટર હાઉસની જગ્યા બાબતે યોગ્ય નિરાકરણ લાવવામાં આવેલ નથી જેને પગલે સોસાયટીના રહીશોમાં રોષ ફાટી નીકળયો છે. સેકટર -૨૩ પંચશીલ પાર્કના રહીશો ભાજપથી નારાજ હોવાથી ભાજપને હરાવવા સોસાયટીની કારોબારી સમિતિએ સર્વાનુમતે ઠરાવ કર્યો હોવાનું ધ્યાને આવ્યું છે.

ગાંધીનગર સેકટર-૨૩ પંચશીલ પાર્કની સામે માત્ર નજીવા અંતરે ડોકટર હાઉસની જગ્યા માટે ત્રણ પ્લોટ અનામત રાખવામાં આવ્યા છે.જેની હરાજી કરવાનો પ્રયત્ન પણ નિષ્ફળ ગયો છે. સેકટર - ૭ માં ડેપો સામે જે પરિસ્થિતિ અત્યારે છે તેનું પુનરાવર્તન ન થાય અને સોસાયટીના રહીશોને પડનાર મુશ્કેલીને ધ્યાને લઈ છેલ્લા બે વર્ષમાં કોરપોરેટર, ધારાસભ્ય, ગુડા, મંત્રીકક્ષાએ, મુખ્યમંત્રી, સહિત સબંધિત તમામ અધિકારીઓને મૌખીક તેમજ લેખીત અનેકવાર રજુઆતો કરી છે. પરંતુ યોગ્ય નિરાકરણના આવતા રહીશોમાં રોષ ફાટી નીકળ્યો છે. આ અંગે પંચશીલ પાર્કના પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ જણાવે છે કે ગતીશીલ ગુજરાતની સરકાર બે વર્ષમાં આ અંગે જાણીબુઝીને હીતશત્રુઓના દબાણના કારણે સોસાયટીની ન્યાયીક માંગણીનું નિરાકરણ લાવી નથી.ગત્ ચુંટણીમાં ભાજપને જીતાડવા કરેલી મહેનત આ સરકાર ભુલી ગઈ છે.ભાજપને મનપાની ચુંટણીમાં પાઠ ભણાવવાના એક માત્ર હેતુંથી સોસાયટીના અંદાજે ૫૦૦ મતદારોએ ભાજપને હરાવવા અને કોંગ્રેસના તમામ ઉમેદવારોને ભારે બહુમતીથી જીતાડવા માટે શપથ લીધા છે.અને તે માટે ચુંટણીમાં ઉભા રહેલા કોંગ્રેસના ઉમેદવારોના પ્રચાર ઝુંબેશમાં તન, મન અને ધનથી લાગી જવા નિર્ણય કર્યો છે.ભાજપના ઉમેદવારોને સોસાયટીમાં દાખલ થવા ઉપર પ્રતિબંધ મુક્યો હોવાનુ પણ પ્રમુખે જણાવ્યું છે. વધુમાં પટેલે ભારે રોષ સાથે જણાવ્યું છે કે આમ છતા જો સત્તાના મદમાં ડોકટર હાઉસની જગ્યા બદલવાનો સરકાર નિર્ણય નહી કરે તો ૨૦૧૭માં આવનાર વિધાનસભા ચુંટણીમાં પણ ભાજપને પાઠ ભણાવવા આ બાબતનું પુનરાવર્તન કરવામાં આવશે.

## સે-૫-બીમાં લગાડેલા રમતના સાધનોથી રહીશો ત્રસ્ત

ગાંધીનગર શહેરના સેકટરોમાં કેટલીક જગ્યાઓમાં મહાનગરપાલિકા દ્વારા રમત-ગમતના સાધનો ફીટ કરવામાં આવ્યા છે. મનપાએ સેકટરોમાં ખાલી જગ્યાઓ જયાં નજરે પડી ત્યાં ત્યાં રમત ગમતના સાધનોનું ફીટીંગ કર્યુ હોવાથી કેટલાક સેકટરોમાં વસતા રહીશોએ અસામાજીક દુષણોનો સામનો કરવો પડી રહ્યો છે. મનપા દ્વારા સે-૫-બીમાં મહાકાળી મંદિર અને પ્લોટ નં. ૫૪૪/૧ની સાથે રમત ગમતના સાધનો ફીટ કર્યા હતા.મહાકાળી મંદિર ખાતે ફીટ કરવામાં આવેલા સાધનો બાબતે નાગરિકો દ્વારા વિરોધ કરવામાં આવતા રમત ગમતના સાધનો કાઢી લેવામાં આવ્યા છે. જયારે પ્લોટ નં. ૫૪૪/૧ની સામે રમત ગમતના સાધનો લગાડવામાં આવ્યા છે ત્યાં હાલ રમવા આવતા બાળકોની સંખ્યામાં વધારો થતો જાય છે જેનાથી ઘણો જ અવાજ તેમજ ધુળ ઉડતી હોવાથી આસપાસ રહેતા રહીશોએ અવાજના પ્રદુષણ જેવી સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. સાથે જ ધુળ ઉડતી હોવાથી અસ્થમા જેવા રોગો થવા પણ સંભવ છે. આસપાસના રહીશો આ સમસ્યાને લઈ ચિંતિત છે. આ સમસ્યાને નિવારવા માટે સે-૫-બીમાં રહેતા જે.સી. પરમારે અનુરોધ કરતા જણાવ્યું છે કે પ્લોટ નં. ૫૪૪/૧ની સામે આવેલ રમત-ગમતના સાધનો કાઢી કોઈ ખુલ્લી જગ્યામાં ગોઠવવામાં આવે તો જ આ સમસ્યા દૂર થઈ શકશે. આ સાથે જ તેઓએ બીજી ખુલ્લી જગ્યામાં રમતગમતના સાધન ફીટ કરવા પણ વિનંતી કરી છે.

## શહેરમાં પ્રચાર કરતી ૧૫૦થી વધુ રીક્ષાઓ મતદારોને જગાડી રહી છે

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરમાં મનપાનો ચુંટણી જંગ બરાબરનો જામ્યો છે. ટુંક સમયમાં મતદારો સુધી પહોંચવા માટે ઉમેદવારો વિવિધ પ્રકારે ચુંટણીનો પ્રચાર કરી રહ્યા છે. ત્યારે શહેરમાં અંદાજીત ૧૫૦ થી વધુ રીક્ષાઓ થકી મતદારોના કાન સુધી ઉમેદવારોની ગુંજ પહોંચી રહી છે. અત્યારે હાલ તો રાજકીય પાર્ટીના ઉમેદવારોના પ્રચાર થકી પોતાના વોર્ડમાં ફરીને દિવસ દરમ્યાન રીક્ષા ચાલકો સરસ ભાડું પણ વસુલી રહ્યા છે. ચુંટણીને લઈ રીક્ષા ચાલકોમાં પણ ઉત્સાહનું મોજુ ફરી વળ્યું છે.

ગાંધીનગર શહેરમાં મહનગર પાલિકાની ચુંટણીને લઈ રાજકીય વાતાવરણ બરાબર જામ્યું છે. શહેરના આઠ વોર્ડમાં ૧૦૦ થી વધુ ઉમેદવારો મેદાનમાં છે. ત્યારે હવે ગણતરીના દિવસો પ્રચારમાં બાકી રહ્યા છે ડોર-ટુ -ડોર અભિયાન થકી ઉમેદવારો વોર્ડમાં સમાવિષ્ઠ તમામ મતદારોનો લોક સંપર્ક કરી ચુકયા છે. જયારે વોર્ડમાં સતત સવારથી લઈને સાંજ સુધી મતદાન અને ઉમેદવારોની ઝાંખી કરાવતી રીક્ષાઓ ફરી રહી છે. દેશભકિતના નાદથી ગુંજતી રીક્ષાઓ મતદાન અને ચુંટણીની યાદ તાજી કરે છે. રીક્ષાએ ચુંટણી પ્રચારમાં સૌથી વધુ મતદાર સુધી ટુંક સમયમાં પહોંચવા માટેનું ઉતમ સરળ માધ્યમ ગણાય છે. ત્યારે ગાંધીનગરના વિવિધ વોર્ડમાં રીક્ષાઓ ફરતી દેખાય છે અને મતદારોના કાન સુધી ચુંટણીની ગુંજ પહોંચાડીને મતદારોને જગાડતી રહે છે. ચુંટણીમાં રીક્ષા ચાલકને ગેસ તેમજ રોજનું ભાડું આપી બુક કરવામાં આવે છે. રીક્ષા ચાલકોને ચા, નાસ્તો અને જમવાનો ખર્ચ પણ વોર્ડમાં ઉભેલા ઉમેદવારના શીરે હોય છે. રીક્ષા દ્વારા પ્રચાર થકી દસ દિવસથી વધુના સમયમાં ચુંટણીનો પ્રચાર કરીને ઉમેદવારોના કાન સુધી સતત દેશભકિતના ગીત થકી ચુંટણીનો માહોલ જમાવતા હોય છે. ચુંટણી પ્રચાર થંભી જાય ત્યાં સુધી મતદારોને રીક્ષાઓ જગાડી રાખે છે અને ચુંટણીનું વાતાવરણમાં અનેરો માહોલ બનાવે છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

## ચિરવિદાય

- સ્વ. ધૂળાભાઈ અમથાભાઈ પ્રજાપતિ, ઉ.વ.૭૫
- સ્વ. રાજુભાઈ ફુલાભાઈ સોલંકી, ઉ.વ.૩૮